

ગરબો ભાવસભર હૃદયના મન મંદિરમાંથી ગવાય અને અંગમરોડથી ગરબાની રમઝટ જામે ત્યારે ભલભલાના મનડાં નાચી ઉઠે છે. ગરબામાં ઘૂમવું અને ગરબા સાંભળવા, નિહાળવા એ એક લહાવો છે. મા શકિતની આરાધનાનું આ દિવ્ય પર્વ છે. ચાલીસ પચાસ વર્ષ પહેલાંના ગરબાએ આજે આધુનિકતાનું રૂપ લીધુ છે. વાજિંત્રોના અવાજમાં આરાધના બાજુએ રહી જાય છે.

નાનકડી માંડવીના દીવડાના અજવાળે ગવાતો ગરબો ઝાકમઝોળ પ્રકાશ અને વીજળીના પ્રકાશમાં ગવાતો ગરબો જુદો પડે છે. નવરાત્રિ ધર્મનું પર્વ છે, ગુજરાતની ઓળખ અને અસ્મિતાનું પર્વ છે.

આજે પાર્ટી પ્લોટમાં ગવાતા ગરબા સામાજીક દેખાડાનું પર્વ બન્યું છે. આરાધનામાં કમાવાની વૃત્તિ દેખાય છે. સમયની સાથે આ બધું બદલાયું છે.

ભકિત રસનો દુકાળ હોય તેવું આજનો ગરબો કહે છે. ગ્લેમર, લાઈટોની ઝાકમઝોળ ડેકોરેશન ફેશન શોના વાતાવરણનો ભક્તિભાવ શ્રધ્ધાનો દુકાળ દેખાય છે. આપણા વેદોએ શકિત ઉપાસનાને અનેરૂં મહત્વ આપ્યું છે.

'મા' એટલે શક્તિ ગરબો ભક્તિ અને શક્તિ આપે છે. નવરાત્રિ એ શકિતનો પ્રસાદ આપે છે. ચૈતન્ય અને ઉલ્લાસ આપે છે.

મા મનની ઇચ્છા પુરી કરે છે. કૃષ્ણની પટરાણી રૂક્ષ્મણી કુળદેવી મા અંબાના પરમ ભક્ત હતા. કૃષ્ણને પામવા મા અંબામાનું તપ કર્યું હતું. ભાઈ અને રાજાઓના પ્રબળ વિરોધ વચ્ચે તેઓ શ્રી કૃષ્ણને પરણ્યા. માની કૃપા કેવી ?

નવરાત્રિમાં
રમવા આવો ને મા
જય જય અંબે

બોલ મારી અંબે' ના નારાથી ગુજરાતનો ધ્વનિ સંભળાય છે.

મા જગદંબાનું સાચું સ્થાન 'ગબ્બર' કહેવાય છે. દેવી ભાગવતની કથા મુજબ મહિષાસુર આખા બ્રહ્માંડને રંજાડી રહ્યો હતો.

**નવરાત્રિનો ઉત્સવ નવ દિવસનો છે. માતાના ગર્ભમાં બાળક નવ માસ રહે છે. શ્રી યંત્રમાં નવ ચક્ર છે. દુર્ગાની નવ મૂર્તિઓ છે, નવ સ્વરૂપો છે**

સૌ કોઈ ત્રાસી ગયા હતા તેનાથી. આખરે બ્રહ્મા, વિષ્ણુ, મહેશના નેતૃત્વમાં આદ્ય શક્તિને સ્તુતિ કરી. આદ્ય શક્તિએ મહિષાસુરનો વધ કર્યો. મા મહિસાસુર મર્દિની કહેવાયા. મા ના પ્રત્યેક રૂપો સાથે અલગ અલગ કથાઓ છે. આ બધી કથાઓ મા ની શકિતનો પરિચય આપે છે. કથાઓ શ્રધ્ધાની પ્રેરક છે.

અંબાજી મૂર્તિના ચિત્રો દેખાય છે. મૂર્તિરૂપ અનેક છબીઓ પૂજાતી રહી છે. પરંતુ અંબામાના મંદિરમાં કોઈ મૂર્તિ જ નથી ત્યાં વિસાયંત્ર છે. આ વિસાયંત્રની પૂજા થાય છે. આ વિસાયંત્રમાં ચૂંદડી, મુકુટ અને શ્રૃંગાર સુંદર થાય છે. માતાજીની મૂર્તિનો આભાસ થાય છે. મૂર્તિમાં દરરોજ વિવિધ વાહનો સિંહ, વાઘ, હાથી નંદી અને અવનવા શૃંગાર થાય છે. આ યંત્રની પૂજા શુભ ફળ આપે છે.

શ્રીયંત્રની આઠ શક્તિઓ આઠ દિશામાં છે.

શક્તિ ઉપાસના એ ભારત વર્ષની પ્રાચીન પરંપરા છે. સ્વયં પરમાત્માએ ધારણ કરેલી આ વિરાટ શકિત વિવિધ સ્વરૂપે વિશ્વનું કલ્યાણ કરે છે.

માર્કેન્ડ પુરાણના દુર્ગા સાત સતીમાં શકિતનો મહિમા બતાવેલ છે.

શક્તિસ્થાન બહુચરાજીમાં માતાજીના વાહન રૂપે કૂકડો છે. બહુચરમા ચંડીપાઠમાં વર્ણવેલાં કૌમાદ્રીરૂપા દેવી નારાયણી છે.

ગુજરાતમાં ત્રણ શક્તિઓનું મહત્વ છે.

અર્બુદાચલમાં અંબાજી, પાવાગઢ ઉપર મહાકાલી અને ચુંવાળ પંથકમાં બાલા ત્રિપુરા સુંદરી. બહુચરાજી (બોરૂ વૃક્ષોના વનમાં) ભક્તો આ શક્તિની ઉપાસના કરે છે. ગુજરાતમાં આસો સુદ એકમથી આસો સુદ (૯) નવમી સુધી અનુષ્ઠાનો ઉપવાસો માતાના થાય છે. નવારાત્રિનો ઉત્સવ યુવાન હૈયાનો મનગમતો ઉત્સવ છે. યુવાન હૈયાં હિલોળે ચઢે છે. ગરબે ઘૂમે છે. જગતનાં જનની છે. એજ જગદંબા જગતની રચના પાછળ ભવાની છે. જગદંબા સત્વ, રજસ અને તમસ એ ત્રણેય ગુણોવાળી બનીને જગતના સર્જનની પ્રકૃતિ બને છે.



**ગુજરાતનો ગરબો ગળથૂથીમાંથી આવ્યો છે. નવરાત્રિના નવ દિવસ ગુજરાતની ગુજરાતણ મન મૂકીને ગરબે રમે છે. 'મા'ની સ્તુતિ કરે છે.**

નવરાત્રિનો ઉત્સવ નવ દિવસનો છે. માતાના ગર્ભમાં બાળક નવ માસ રહે છે. શ્રી યંત્રમાં નવ ચક્ર છે. દુર્ગાની નવ મૂર્તિઓ છે, નવ સ્વરૂપો છે. નવની સંખ્યા નવદુર્ગા ! નવરાત્રિ અને નવદુર્ગા છે એમ દેવીનો યંત્ર નવાર્ણમંત્ર કહેવાય છે તેમાં નવ અક્ષરો છે. ચંડીપાઠ એટલે દુર્ગા સપ્તસતી. તેના મંત્રો સિધ્ધ મંત્ર છે. પરમફળ આપનારા મંત્રો છે. ચંડીપાઠની પ્રથમ અધ્યાયની અધિષ્ઠાત્રી મહાકાલી છે.

બીજાથી ચોથા અધ્યાયની અધિષ્ઠાત્રી મહાલક્ષ્મી છે. પાંચથી તેર અધ્યાયની અધિષ્ઠાત્રી દેવી મહાસરસ્વતી છે.

માતાજીની પૂજા આરાધના ત્રણ રીતે થાય છે. સાત્વિક રાજસી અને તામસી સાત્વિક પૂજામાં - મંત્ર જાપ અને કીર્તન મુખ્ય છે.

રાજસી પૂજામાં ઠાઠમાઠનો ઉત્સવ તામસી પૂજામાં તંત્ર માર્ગે પશુબલિ હોમાય છે. દેવી સૂકત માં દેવોએ કરેલી પરાંબનાની સ્તુતિ છે. મા ના સ્વરૂપો શૈલપુત્રી બ્રહ્મ ચારિણી ચન્દ્રઘટા, કુષ્માણ્ડા, સ્કન્દ માતા કાત્યાયની સિધ્ધી દાત્રિ, મહાગૌરી કાલરાત્રિ ને નવરાત્રિએ વંદન !

- બંસીલાલ જી. શાહ